**આંક–**

<table>
<tr><td colspan="4">કેસ દાખલ તારીખ</td><td colspan="4">૧૦–૦૯–૨૦૨૫</td></tr>
<tr><td colspan="4">કેસ પ્રાપ્ત તારીખ</td><td colspan="4">૧૦–૦૯–૨૦૨૫</td></tr>
<tr><td colspan="4">કેસ ફેસલ તારીખ</td><td colspan="4">૨૫–૦૩–૨૦૨૬</td></tr>
<tr><td>અવધી</td><td>૦૦</td><td>વર્ષ</td><td>૦૬</td><td>માસ</td><td>૧૫</td><td>દિવસ</td><td></td></tr>
</table>

**ધોળકાના મહે. એડી. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં.**

ફોજદારી કેસ નંબર – ૫૦૮૧/૨૦૨૫

**ફરીયાદીઃ–** **શ્રી સરકાર.**

**// વિરુદ્ધ //**

**આરોપીઓઃ** (૧) ભોપાભાઈ મગનભાઈ ખોરદીયા

રહે. બેગવા,પરાવિસ્તાર, તા. ધોળકા, જી. અમદાવાદ

**બાબતઃ–** બી.એન.એસ.ની કલમ–૨૨૩ મુજબ.

==================================================

ફરિયાદ પક્ષ તરફે વિ.વ. શ્રી **બી. પી. ભાણાવત.**

આરોપી પક્ષ તરફે વિ. વ. શ્રી **એસ.એલ.વાઘેલા**

==================================================

**// ચુ કા દો //**

**(૧)** ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા. ૨૦.૮.૨૫ ના રોજ કલાક – ૧૮/૦૦ વાગે મોજે બેગવા ગામ, પરા વિસ્તારમાં મકાન માલિકે પોતાનું મકાન ભાડે આપતા પહેલા ભાડુઆત બાબતેની માહીતીનું ફોર્મ પોલીસ સ્ટેશનમાં નહી આપી મહે.અધિક જીલ્લા મેજી.સાહેબશ્રી, અમદાવાદ(ગ્રામ્ય)નાઓના જાહેરનામું પત્ર નં.ડીસી/પીઓએલ /એમએજી/

મકાન ભાડે/ એસ.આર.૧૫૦/૨૦૨૫ થી તા.૧૯.૮.૨૦૨૫ અન્વયે તા.૧૯/૦૮/૨૫ થી તા.૧૭/૧૦/૨૦૨૫ સુધીના જાહેરનામાનો ભંગ કરેલ હોય આરોપી સામે બી.એન.એસ.ની કલમ– ૨૨૩ મુજબ નાં ગુના અંગેનું ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે.

**(૨)** ફરીયાદીની સદર ફરીયાદ રજીસ્ટરે દાખલ કરી આરોપી સામે ભારતીય દંડ સંહિતાની કલમ મુજબ સમન્સ કાઢવાનો હુકમ કરવામાં આવેલો છે જેની ધોરણસરની બજવણી આરોપીને થતાં **ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ – ૨૦૭ મુજબ** આરોપી ને ફરીયાદ પક્ષના તમામ દસ્તાવેજી પુરાવાઓ વિના મૂલ્યે પુરા પાડવામાં આવેલ છે. ત્યારબાદ આંક–૬ થી ત્હોમતનામું ફરમાવી આંક– ૭ થી આરોપીની ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૨૫૧ પ્લી લેવામાં આવતાં આરોપીએ તેમની સામેના ગુન્હાનો સ્પષ્ટપણે ઇન્કાર કરતાં ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

**(૩)** ફરિયાદ પક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં નીચે મુજબના મૌખીક પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

| **ક્રમ** | **સાહેદો ની વિગત** | **સાહેદોના નામ** | **આંક** |
|---|---|---|---|
| ૧ | ફરીયાદી/ત.ક.અ | અરવિંદભાઈ ઈશ્વરભાઈની જુબાની | ૧૧ |
| ૨ | સાહેદ/પંચ | પ્રવિણભાઈ જેસંગભાઈ વેગડની જુબાની | ૧૬ |

**(૪)** ફરિયાદ પક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં નીચે મુજબના દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

| **ક્રમ** | **દસ્તાવેજની વિગત** | **આંક** |
|---|---|---|
| (૧) | ફરીયાદ | ૧૨ |
| (૨) | પંચનામુ | ૧૭ |

**(૫)** ફરીયાદ પક્ષે વધુ પુરાવો લેવો ન હોય તેવી મૌખીક વિનંતીથી પોતાનો પુરાવો પુર્ણ થયાનું જાહેર કરતા આરોપીનું ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૩૧૩ હેઠળ વધારાનું નિવેદન રેકર્ડ કરવાની જરૂરીયાત જણાતી ના હોય વિશેષ

નિવેદન લેવામાં આવેલ નથી. ત્યારબાદ ફરીયાદ પક્ષે વિ. એ.પી.પી.શ્રીને તથા આરોપી તરફે વિ. વકીલશ્રી ને સાંભળવામાં આવેલ છે.

(૬) આ કામે ફરીયાદના ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદ્ધા ઉપસ્થિત થાય છે.

*(૧) શું ફરીયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા. ૨૦.૮.૨૫ ના રોજ કલાક – ૧૮/૦૦ વાગે મોજે બેગવા ગામ, પરા વિસતારમાં મકાન માલિકે પોતાનું મકાન ભાડે આપતા પહેલા ભાડુઆત બાબતેની માહીતીનું ફોર્મ પોલીસ સ્ટેશનમાં નહી આપી મહે.અધિક જીલ્લા મેજી.સાહેબશ્રી, અમદાવાદ(ગ્રામ્ય)નાઓના જાહેરનામું પત્ર નં.ડીસી/પીઓએલ/એમએજી/મકાન ભાડે/ એસ.આર.૧૫૦/૨૦૨૫ થી તા.૧૯.૮.૨૦૨૫ અન્વયે તા.૧૯/૦૮/ ૨૫ થી તા.૧૭/૧૦/૨૦૨૫ સુધીના જાહેરનામાનો ભંગ કરી બી.એન.એસ.ની કલમ– ૨૨૩ મુજબનો ગુનો કરેલ છે ?*

*(૨) શું હુકમ ?*

(૭) ઉપરોકત મુદ્દા નાં કારણો નીચે મુજબ છે.

*(૧) નકારમાં.*

*(૨) આખરી હુકમ મુજબ.*

**<u>// ન્યાય નિર્ણય માટેનાં કારણો //</u>**

(૮) ***મુદા નંબર ૧ ની ચર્ચા:–*** આ કામના આરોપી સામે ફરિયાદ પક્ષે પોતાનો કેસ સાબિત કરવા તપાસવામાં આવેલ આંક– ૧૧ થી ફરીયાદી અરવિંદભાઈ ઈશ્વરભાઈનાઓએ સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૨૦.૮.૨૫ ના રોજ બીટ કોઠ ટાઉન વિસ્તારમાં પો.અધિ.સાહેબશ્રી અમદાવાદ ગ્રામ્યનાઓ ધ્વારા ભાડા કરાર ચેકીંગ અંગે ડ્રાઈવર રાખેલ હોય જેની કામગીરીમાં હતા તે

દરમ્યાન બેગવા ગામમા પરા વિસ્તારમાં મકાનમાં પર પ્રાંતના માણસો ભાડાના મકાનમાં રહેતા હોય તેઓની ચકાસણી કરતા મકાન માલ્કિ ભોપાભાઇ ગનભાઇ ખોરદીયા નાઓ ભાડુઆત જીતેન્દ્રભાઇ સુધીરભાઇ માલવીયા નાઓને મકાન ભાડે આપતા પહેલા તેઓની વિગત નિયમ નમુના મુજબની માહિતીનું ફોર્મ ભરી જે તે પોલીસ સ્ટે.માં આપવા બાબતે અધિક મેજી.જીલ્લા અધિક મેજી.સા.શ્રી અમદાવાદનાઓનું જાહેરનામું પત્ર નં.ડીસી/પીઓએલ/એમએજી/મકાનભાડે/ એસ.આર.૧૫૦/૨૦૨૫ થી તા.૧૯.૮.૨૦૨૫ અન્વયે તા.૧૯/૦૮/ ૨૫ થી તા.૧૭/૧૦/૨૦૨૫ સુધી જાહેરનામું બહાર પાડવામાં આવેલ તે અંગે જાહેરનામાની જાણ ટીવી ચેનલ તેમજ સમાચાર પત્રકમાં પ્રસિધ્ધ કરવામાં આવેલ તેમ છતાં સદર મકાન માલીકે પોતાનું મકાન ભાડે આપતા પહેલા ભાડુઆત બાબતની માહીતીનું ફોર્મ પો.સ્ટે.માં નહી આપી જાહેરનામાનો ભંગ કરી મકાને નહી મલી આવેલ હોય જેથી મકાન માલીક વિરૂધ્ધ બી.એન.એસ કલમ-૨૨૩ મારી કાયદેસર આપેલી. આરોપી તથા ફરીયાદમાં તેઓની સહી ઓળખી બતાવેલ છે જે આંક-૧૨ થી રજુ રાખેલ છે. તપાસના કામે આોરપીને અટક કરી પુરતો પુરાવો હોય આરોપી વિરૂધ્ધ નાદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ આ સિવાય કાંઇ કહેવા માંગતા નથી કે રજુ કરવા માંગતા નથી. ત્યારબાદ બચાવપક્ષના વિ.વ.શ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવતા તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ કે, સદર કામમા જાહેરનામુ ની નકલ શરતચુકથી સામેલ કરવાની રહી ગયેલ હોય. મકાન ભાડે આપ્યા હોય તે અન્વ્યેના કોઈ આધાર પુરાવા રજુ કરેલા નથી, તથા ભાડુઆત અને માલિકના સબંધ હોય તેવા કોઈ દસ્તનવેજી પુરાવા રજુ કરેલ નથી તથા ભાડા અંગે આજુબાજુના વ્યકિતઓના કોઈ ન્વિેદન લીધેલા નથી તથા આરોપી વીરુધ્ધ પુરતો પુરાવો ન હોવા છતા ખોટુ ચાર્જશીટ કરેલ તથા સદર ગુનાની ફરીયાદ મે લીધેલ છે તેમજ સદર ગુનાની તપાસ પણ મે કરેલ છે. સદર કામે સ્વતંત્ર સાક્ષીના નિવેદન લીધેલ નથી કે પંચનામું કરેલ નથી.

આંક–૧૬ થી પંચ સાહેદ પ્રવિણભાઈ જેસંગભાઈ રાઠોડનાઓએ સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓને પોલીસે સહી કરવાનું કહેતા સહી કરેલ કઇ જગ્યાએ સહી કરેલ તે ખબર નથી. તેઓને પંચનામું બતાવવામાં આવેલ જેમાં પંચ–૧ તરીકે તેઓની સહી ઓળખી બતાવેલ છે જે આંક–૧૭ થી રજુ રાખેલ છે. આમ, સદર પંચ સાહેદ પંચનામાને તથા ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરતા ના હોય તેઓને વિ. એ.પી.પી.શ્રી દ્વારા ફરી ગયેલા જાહેર કરી તેઓની ઉલટતપાસ કરવા છતા તેઓએ ફરીયાદ પક્ષના કેસને સમર્થનકારક કોઇ હકીકત જણાવેલ નહી. ત્યારબાદ બચાવપક્ષના વિ.વ.શ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવતા તેઓએ એ વાતનો સ્વીકાર કરેલ કે, તૈયાર પંચનામામાં સહી કરેલ તે સિવાય કોઇ જાત માહિતી નથી.

**<u>મુલ્યાંકનઃ–</u>**

(૯) આમ, આ કામે ફરીયાદપક્ષે રજૂ થયેલ ફરીયાદીના મૌખિક પુરાવા તથા દસ્તાવેજી પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો ફરીયાદીએ સરતપાસમાં જે હકીકત જણાવેલ તે ફરીયાદની હકીકતને સમર્થન કારક હકીકત જણાવેલ. વધુમા સદર કામમા ફરીયાદી અને આઈ.ઓ. એક જ હોય જેથી સ્વાભાવીકપણે માની શકાય કે આઈ.ઓ. ફરીયાદની હકીકત અન્વયેજ તપાસ કરે જેથી તપાસ અન્વયે શંકા ઉભી થાય. વધુમા આરોપી પર જે આક્ષેપ છે તે જોવામા આવે તો કલેકટરશ્રીના મકાન ભાડે આપવા અન્વયેના જાહેરનામા અન્વયે અમલવારી કરેલ ન હોય જેથી સદર ગુના અન્વયે ફરીયાદ દાખલ કરેલ. આક્ષેપીત ગુનામા જે કારણો સબબ ગુનો દાખલ થયેલ તેમા મુખ્યત્વે આરોપી અને મકાન માલીક વચ્ચે ભાડુઆત અંગે સંબંધો હોવા અંગેના કોઈ પુરાવા ચાર્જશીટ સાથે રજુ કરેલ નથી અને તે અન્વયે તપાસ કરનાર અધીકારીશ્રીએ સ્વીકાર કરેલ છે. વધુમા જો ખરેખર આરોપી મકાન ભાડે રાખી રહેતો હોય અને કલેકટરશ્રીના જાહેરનામાનો ભંગ કરેલ હોય તો તે અન્વયે કોઈ સંતોષકારક દસ્તાવેજી પુરાવો કે મૌખીક પુરાવો ત.ક.અ.શ્રીએ લેવો જોઈતો હતો તે લીધેલ નથી. આમ આરોપી ભાડુઆત હતો કે કેમ તે મકાન માલીક

વિરૂધ્ધ ગુનો દાખલ થયેલ તે અન્વયે કોઈ નિ:શંક પુરાવો રજુ થતો ન હોય તેમજ જે ભાડે રહેતા હોય તેની આજુબાજુના પાડોશીના નિવેદન પણ લીધેલ ન હોય તથા વધુમા પંચનામાના પંચ તપાસેલ તેઓ પણ પંચનામાની હકીકતને સમર્થન આપતા ન હોય જેથી ફરીયાદ પક્ષ તેમનો પક્ષ નિ:શંકપણે પુરવાર કરવામા નિષ્ફળ ગયેલ હોય મુદા નં. ૧ નકાર મા ઠરાવી મુદા નં. ૨ પરત્વે નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

## *// આખરીહુકમ //*

**(૧)** આ કામે આરોપી ભોપાભાઈ મગનભાઈ ખોરદીયા રહે. બેગવા,પરાવિસ્તાર, તા. ધોળકા, જી. અમદાવાદ ને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૪૮(૧) અન્વયે બી.એન.એસ.ની કલમ–૨૨૩ મુજબ નાં ગુના સબબનાં કામે પુરતા પુરાવાનાં અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** આથી આરોપીઓને આદેશ આપવામાં આવે છે કે સી.આર.પી.સી. કલમ–૪૩૭ (એ) મુજબ અપીલ સમય સુધીના રૂા.૫,૦૦૦/–જાત જામીન તથા તેટલીજ રકમના સધ્ધર જામીન હુકમની તારીખથી છ માસ માટેની સમય મર્યાદા માટે રજુ કરવા.

હુકમ આજ તારીખ–૨૫ મી, માહે–માર્ચ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ:– ૨૫ /૦૩/ ૨૦૨૬.
સ્થળ – ધોળકા.

(બી.એમ.ગઢીયા)
એડીશનલ ચીફ જ્યુડી.મેજી.,ધોળકા
યુનિક કોડ જીજે ૦૧૧૭૬